R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/31-12-2017. Licensed to post without pre-payment Licence No. CPMG/GJ/99/2017to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ-૩૮ • તા. ૨૩ નવેમ્બર, ૨૦૧૬ • અંક નં. ૪૧

# ગુજરાત રોજગાર સમાચાર

તંત્રી : એ.જે. શાહ

સંપાદક : અરવિંદ આર. પટેલ, પુલક ત્રિવેદી કાર્યવાહક સંપાદક : રતિલાલ તુરી સહસંપાદક : મિનેષ ત્રિવેદી, પ્રવિણ સોનારીયા

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છે. લવાજમ માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. આ ઉપરાંત કોમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફિસોમાં લવાજમ (સર્વિસ ચાર્જ સાથે) સ્વીકારવામાં આવે છે.

વેબસાઈટ : www.gujaratinformation.net www.facebook.com/gujaratinformation.official Phone No. : 079-232-53440

## કેન્દ્રિય જાહેર સેવા આયોગ : નવી દિલ્હી

## કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસીસ એક્ઝામિનેશન (I) ૨૦૧૭

**ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ ૦૨-૧૨-૨૦૧૬**

**જગાઓની કુલ સંખ્યા : ૪૬૩**

**પરીક્ષાની તારીખ ૫-૦૨-૨૦૧૭**

**એક્ઝામ નોટિસ નં. : ૦૨-૨૦૧૭-CDS-I તા.:૦૯-૧૧-૨૦૧૬**

કેન્દ્રિય જાહેર સેવા આયોગ દ્વારા નીચે જણાવેલ કોર્સમાં પ્રવેશ માટે કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસીસ એક્ઝામિનેશન તા. ૫-૦૨-૨૦૧૭ના રોજ યોજવામાં આવનાર છે.

❑ **જગાઓની વિગત :**

| ક્રમાંક | કોર્સનું નામ | જગાની અંદાજિત સંખ્યા |
|---|---|---|
| ૧ | ઈન્ડિયન મિલિટરી એકેડેમી, દેહરાદુન, જાન્યુઆરી-૨૦૧૮ થી શરૂ થતો ૧૪૪મો કોર્સ (એન.સી.સી. 'સી' પ્રમાણપત્ર (આર્મી પાંખ) ધરાવનારાઓ માટેની અનામત જગાઓ સહિત) | ૧૫૦ |
| ૨ | નેવલ એકેડેમી-ઈઝીમાલા કોર્સ-જાન્યુઆરી૨૦૧૮માં શરૂ થાય છે. એક્ઝિક્યૂટિવ (જનરલ સર્વિસ) એન.સી.સી. 'સી' પ્રમાણપત્ર (નેવલ પાંખ) ધરાવનારાઓ માટેની ૦૬ અનામત જગાઓ સહિત) | ૪૫ |
| ૩ | ફેબ્રુઆરી ૨૦૧૮ માં શરૂ થતો એરફોર્સ એકેડેમી, હૈદરાબાદ (પ્રિફલાઈંગ) ટ્રેઈનિંગ કોર્સ એટલે કે નંબર ૨૦૩ F/PC કોર્સ. | ૩૨ |
| ૪ | ઓફિસર્સ ટ્રેઈનિંગ એકેડેમી, ચેન્નાઈ, એપ્રિલ ૨૦૧૮ માં શરૂ થતો ૧૦૭ મો એસએસસી કોર્સ. (પુરૂષો માટે) (એન.સી.સી. 'સી' પ્રમાણપત્ર ધરાવનારાઓ માટેની ૫૦ અનામત જગાઓ સહિત) | ૨૨૫ |
| ૫ | ઓફિસર્સ ટ્રેઈનીંગ એકેડેમી, ચેન્નાઈ એપ્રિલ ૨૦૧૮ માં શરૂ થતો ૨૧મો મહિલાઓ માટેનો નોન ટેકનિકલ એસ.એસ.સી.કોર્સ | ૧૧ |

નોંધ : ઉપર દર્શાવેલી જગાઓની સંખ્યા કામચલાઉ છે અને આર્મી હેડક્વાર્ટર દ્વારા તેમાં કોઈપણ તબક્કે ફેરફાર થઈ શકશે.

❋ ઉમેદવાર અરજીપત્રકની સબંધિત કોલમમાં, પોતે જે ક્રમમાં સર્વિસમાં જોડાવા માગતો હોય એ સ્પષ્ટ રીતે જણાવે એ જરૂરી છે.

પુરૂષ ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે પોતે, અત્રે નીચેના ફકરામાં આપેલી શરતોને આધીન રહીને, જેટલી પસંદગી ધરાવતા હોય તે તમામનો નિર્દેશ કરે કે જેથી ગુણવત્તાના ક્રમમાં તેમની કક્ષાને ધ્યાનમાં લઈને નિમણૂક આપતી વખતે તેમની પસંદગી પર યોગ્ય ધ્યાન આપી શકાય.

❋ મહિલા ઉમેદવારો માત્ર ઓફિસર્સ ટ્રેઈનીંગ એકેડેમી માટે જ યોગ્યતા ધરાવતા હોવાથી તેઓ માટે OTA પ્રથમ અને છેલ્લી પસંદગી રહેશે.

❋ જે પુરૂષ ઉમેદવારો શોર્ટ સર્વિસ કમિશન (આર્મી) માટે જ અરજી કરવા ઈચ્છતા હોય તેઓએ OTA ને એકમાત્ર પસંદગી દર્શાવવાની રહેશે. આમ છતાં, જે પુરૂષ ઉમેદવારો OTA ખાતે SSC કોર્સની સાથે સાથે ઈન્ડિયન મીલીટરી એકેડેમી, નેવલ એકેડેમી, એરફોર્સ એકેડમી માટે પરમેનન્ટ કમિશન માટે પણ અરજી કરવા ઈચ્છતા હોય તેઓએ OTA ને છેલ્લી પસંદગી દર્શાવવી. અન્યથા ઉમેદવારે ઉચ્ચ પસંદગી દર્શાવી હશે તો પણ OTA છેલ્લી પસંદ ગણાશે.

❋ જે ઉમેદવારો એરફોર્સ એકેડેમીમાં જોડાવા માગતા હોય તેઓએ આ એકેડેમીને પ્રથમ પસંદગી તરીકે દર્શાવવી, કારણકે તેઓને સેન્ટ્રલ મેડિકલ એસ્ટાબ્લિશમેન્ટ/ઈન્સ્ટિટ્યૂટ ઓફ એવિયેશન મેડિસીન્સ ખાતે એ.એફ.એસ.બી. અને એ.એફ. મેડિકલમાં ગમે તે એક કેન્દ્ર ખાતે પાયલોટ એપ્ટિટ્યૂડ બેટરી ટેસ્ટ આપવાનો રહેશે. જો આ એકેડેમીને બીજી અથવા ત્રીજી પસંદગી આપવામાં આવશે તો તેને રદબાતલ ગણવામાં આવશે.

❋ ઉમેદવારોએ એ વાતની નોંધ લેવી કે અત્રે નીચે જણાવેલ બાબત સિવાય, તેઓને માત્ર એવા કોર્સમાં જ નિમણૂક આપવાનું ધ્યાનમાં લેવામાં આવશે. જે માટે તેઓએ પોતાની પસંદગી દર્શાવી હોય.

❋ ઉમેદવારે એકવાર પોતાની અરજીમાં પસંદગીનો ક્રમ દર્શાવ્યા બાદ તેમાં વધારો/ફેરફાર કરવાની વિનંતીને કમિશન માન્ય રાખશે નહિ. એકવાર પસંદગી આપ્યા બાદ તેમાં કોઈ ફેરફાર કરવા દેવામાં આવશે નહિ. સર્વિસિસ હેટક્વાર્ટર દ્વારા પ્રથમ પસંદગી ઉમેદવારને જો નહિ આપવામાં આવે તો જ બીજી પસંદગીને ધ્યાનમાં લેવામાં આવશે. જ્યારે ઉમેદવારને પ્રથમ પસંદગીની ઓફર કરવામાં આવે અને ઉમેદવાર તેનો ઈન્કાર કરે તો રેગ્યુલર કમિશન માટેની તેમની તમામ અન્ય પસંદગીઓના સંદર્ભમાં તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

❋ આઈ.એમ.એ./નેવલ એકેડેમી/એરફોર્સ એકેડેમી કોર્સના પ્રવેશ વિના રહી ગયેલા ઉમેદવારો એટલે કે એવા ઉમેદવારો કે જેઓની કેન્દ્રિય જાહેર સેવા આયોગે, આ પરીક્ષાના આખરી પરિણામના આધારે, પરમેનન્ટ કમિશન આપવા ભલામણ કરી હોય પરંતુ જેઓ ગમે તે કારણસર આ કોર્સમાં પ્રવેશ ન મેળવી શક્યા હોય તેઓને, જો તેઓ પાછળથી નીચે જણાવેલ શરતોને આધીન રહીને આ કોર્સમાં પ્રવેશ માટે પોતાની વિચારણા થાય એમ ઈચ્છતા હોય તો, તેઓએ પોતાની અરજીમાં આ કોર્સ માટે પોતાની પસંદગી દર્શાવી ન હોય તેમ છતાં, તેઓને એસ.એસ.સી. આપવાની વિચારણા કરવામાં આવશે.

(૧) એસ.એસ.સી. કોર્સ માટે સ્પર્ધા કરી રહેલ તમામ ઉમેદવારોની વિગતો એકઠી કર્યા બાદ ઘટાડો જણાતો હોય અને

(૨) જે ઉમેદવારોએ એસ.એસ.સી. માટે પોતાની પસંદગી નહિ દર્શાવી હોવા છતાં જેઓની તાલીમ માટે વિગતો આપવામાં આવી છે તેઓને, છેલ્લા ઉમેદવાર કે જેમણે આ કોર્સ માટે વિકલ્પ આપ્યો છે તેના પછી ગુણવત્તા યાદીના ક્રમમાં મુકવામાં આવશે. કારણ કે આવા ઉમેદવારોને એવા કોર્સમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે કે જેના માટે તેઓ, પોતે પસંદગી દર્શાવ્યા મુજબ હકદાર નથી.

(૩) એરફોર્સને પ્રથમ અને એકમાત્ર પસંદગી આપનાર ઉમેદવારો જો પાયલોટ એપ્ટિટ્યૂડ બેટરી ટેસ્ટમાં નિષ્ફળ જશે તો તેઓની ગણના એસ.એસ.સી. (ઓ.ટી.એ.)માં પ્રવેશ માટે રહી ગયેલા ઉમેદવાર તરીકે કરવામાં આવશે નહિ. આવા ઉમેદવારો જો પોતે એસ.એસ.સી. (ઓ.ટી.એ.) માટે પોતાની વિચારણા થાય એમ ઈચ્છતા હોય તો તેઓએ ઓ.ટી.એ. માટે પણ પોતાનો વિકલ્પ આપવો.

❋ એન.સી.સી. 'સી' પ્રમાણપત્ર (આર્મી પાંખ/સિનિયર ડિવિઝન એર પાંખ/નેવલ પાંખ) ધરાવનાર ઉમેદવારો પણ શોર્ટ સર્વિસ કમિશનની જગાઓ માટે સ્પર્ધા કરી શકે છે પરંતુ આ કોર્સમાં તેમના માટે કોઈ અનામત જગાઓ નહિ હોવાથી, આ કોર્સની જગાઓ ભરવાના હેતુસર તેઓની ગણના સામાન્ય ઉમેદવાર તરીકે કરવામાં આવશે.

જે ઉમેદવારોને એન.સી.સી. 'સી' પ્રમાણપત્ર (આર્મી પાંખ/સિનિયર ડિવિઝન એર પાંખ/નેવલ પાંખ) પરીક્ષા પાસ કરવાની હજી બાકી છે પરંતુ જેઓ અન્યથા અનામત જગાઓ માટે સ્પર્ધા કરવા લાયકાત ધરાવે છે તેઓ પણ અરજી કરી શકશે પરંતુ તેઓએ એન.સી.સી. 'સી' પ્રમાણપત્ર પરીક્ષા પાસ કર્યાનો પુરાવો, આઈ.એમ.એ./એસ.એસ.સી.ની પ્રથમ પસંદગી આપેલ ઉમેદવારોના કિસ્સામાં Army HQ/Rtg. CDSE Entry, West Block-III, R. K. Puram, New Delhi-110 066 ને જ્યારે નેવીને પ્રથમ પસંદગી આપેલ ઉમેદવારોના કિસ્સામાં Naval HQ DMPR, (O I & R) Section, Room No. 204, "C" Wing, Sena Bhawan, New Delhi-110 011ને તથા એરફોર્સની પ્રથમ પસંદગી આપેલ ઉમેદવારોના કિસ્સામાં PO 3(A)/Air Headquarters, J Block, Room No. 17, Opp. Vayu Bhavan, Motilal Nehru Marg, New Delhi-110 011 ને **તા. ૧૩-૧૧-૨૦૧૭** પહેલાં મોકલી આપવો જરૂરી છે.

અનામત જગાઓ પર સ્પર્ધા કરવા માટેની લાયકાત મેળવવા માટે ઉમેદવારોએ નેશનલ કેડેટ કોર્પ્સની સિનિયર ડિવિઝન આર્મી પાંખમાં બે એકેડેમિક વર્ષ અને સિનિયર ડિવિઝન એર પાંખ/નેવલ પાંખમાં ત્રણ એકેડેમિક વર્ષ કરતા ઓછી મુદત માટે ફરજ બજાવેલી ન હોવી જોઈએ અને તેઓને, કમિશનની કચેરીમાં અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે આઈ.એમ.એ./નેવલ એકેડેમી/એરફોર્સ એકેડેમી કોર્સ માટે ૨૪થી વધુ માસ માટે એન.સી.સી. માંથી છૂટા કરેલા ન હોવા જોઈએ.

❋ ઈન્ડિયન મિલિટરી એકેડેમી કોર્સ/એરફોર્સ એકેડેમી કોર્સ/નેવલ એકેડેમી કોર્સમાં એન.સી.સી. 'સી' પ્રમાણપત્ર (આર્મી પાંખ/સિનિયર ડિવિઝન એર પાંખ/નેવલ પાંખ) ધરાવનારા ઉમેદવારો માટેની અનામત જગાઓ ભરવા માટે પરીક્ષાના પરિણામ બાદ જો આવી લાયકાત ધરાવતા ઉમેદવારો પૂરતી સંખ્યામાં નહિ મળે તો, નહિ ભરાયેલી અનામત જગાઓને બિનઅનામત જગાઓ ગણવામાં આવશે અને તે સામાન્ય ઉમેદવારોથી ભરવામાં આવશે.

❋ ઉપર જણાવેલ કોર્સમાં કમિશન દ્વારા લેવામાં આવનાર લેખિત પરીક્ષા તેમજ ત્યારબાદ સર્વિસ સિલેકશન બોર્ડ દ્વારા લેખિત પરીક્ષામાં લાયકાત મેળવતા ઉમેદવારોના ઈન્ટેલિજન્સ અને પર્સનાલિટી ટેસ્ટના પરિણામના આધારે પ્રવેશ આપવામાં આવશે.

**અનુસંધાન બીજા પાને... ➔**

➔ **અનુસંધાન નં. ૧નું ચાલુ...**

**❑ પરીક્ષાના કેન્દ્રો :**

પરીક્ષા નીચે દર્શાવેલ કેન્દ્રો ખાતે લેવામાં આવશે.

| | | |
|---|---|---|
| અમદાવાદ | ગંગટોક | પણજી (ગોવા) |
| અગરતલા | હૈદરાબાદ | પટના |
| એૈજવાલ | ઈમ્ફાલ | પોર્ટબ્લેર |
| અલ્હાબાદ | ઈટાનગર | રાયપુર |
| બેંગ્લોર | જયપુર | રાંચી |
| બરેલી | સાંબલપુર | ભોપાલ |
| જમ્મુ | શિલોંગ | ચંદીગઢ |
| જોરહટ | સિમલા | ચેન્નાઈ |
| કોચી | શ્રીનગર | કટક |
| કોહિમા | થિરુવનંતપુરમ્ | દેહરાદુન |
| કોલકત્તા | તિરુપતિ | દિલ્હી |
| લખનૌ | ઉદયપુર | ધારવાર |
| મુંબઈ | મદુરાઈ | વિશાખાપટ્ટનમ્ |
| દિસપુર | નાગપુર | |

ઉપર દર્શાવેલ કેન્દ્રો અને પરીક્ષાની તારીખ કમિશનની મુનસુફી મુજબ ફેરફારને પાત્ર છે. ઉમેદવારોની પરીક્ષા માટેની પોતાની પસંદગીનું કેન્દ્ર ફાળવવા માટે તમામ શક્ય પ્રયત્નો કરવામાં આવશે તેમ છતાં જો સંજોગો ઊભા થશે તો કમિશન કોઈપણ ઉમેદવારને અન્ય કેન્દ્ર પણ ફાળવી શકશે. જે ઉમેદવારોને પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવ્યો હશે તેઓને પરીક્ષાના સમયપત્રક અને સ્થળ/સ્થળોની માહિતી આપવામાં આવશે.

ઉમેદવારોએ એ વાતની નોંધ લેવી કે સામાન્ય રીતે કેન્દ્રમાં ફેરફાર કરવાની વિનંતીને ગ્રા ા રાખવામાં આવશે નહિ.

- ❋ ઓન લાઈન અરજી વખતે ઉમેદવારે પરીક્ષા કેન્દ્રની પસંદગી કાળજીપૂર્વક કરીને કેન્દ્ર દર્શાવવું.
- ❋ જો કોઈ ઉમેદવાર, કમિશનના એડમિશન સર્ટિફિકેટમાં દર્શાવેલ કેન્દ્ર સિવાય અન્ય કેન્દ્ર ઉપરથી પરીક્ષા આપશે તો આવા ઉમેદવારનાં પેપરનું મુલ્યાંકન કરવામાં આવશે નહિ તેમજ તેમની ઉમેદવારી પણ રદ થવાને પાત્ર ઠરી શકશે.

**❑ યોગ્યતાની શરતો :**

**(અ) રાષ્ટ્રીયતા :**

ઉમેદવાર (૧) ભારતના નાગરિક અથવા (૨) ભૂતાનના પ્રજાનન અથવા (૩) નેપાળના પ્રજાજન અથવા (૪) ભારતમાં કાયમી વસવાટના ઈરાદાથી તા. ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલ તિબેટના શરણાર્થી અથવા (૫) મૂળ ભારતની એવી પાકિસ્તાન, બર્મા, શ્રીલંકા અને પૂર્વ આફ્રિકાના દેશો જેવા કે કેન્યા, યુગાન્ડા, ધી યુનાઈટેડ રિપબ્લિક ઓફ ટાંઝાનીયા, ઝાંબીયા, માલાવી, ઝૈર અને યુથોપિયા તેમજ વિયેટનામમાંથી સ્થળાંતર કરીને ભારતમાં કાયમી ધોરણે વસવાટ કરવાના ઈરાદાથી આવેલી વ્યક્તિ હોવી જોઈએ.

કક્ષા (૨), (૩), (૪) અને (૫) ના ઉમેદવારોને ભારત સરકારે યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર આપેલું હોવું જોઈએ.

નેપાળના ગોરખા પ્રજાજનો માટે યોગ્યતાનું પ્રમાણપત્ર જરૂરી નથી.

જે ઉમેદવારના કિસ્સામાં યોગ્યતાનું પ્રમાણપત્ર જરૂરી છે તેઓને કામચલાઉ ધોરણે પરીક્ષામાં પ્રવેશ મળશે. પરંતુ કેન્દ્રિય જાહેર સેવા આયોગનું પરિણામ જાહેર થાય એ પહેલાં ઉમેદવારને ભારત સરકાર તરફથી જરૂરી પ્રમાણપત્ર મળી ગયેલું હોવું જોઈએ.

**❑ વયમર્યાદા, જાતિ અને વૈવાહિક દરજ્જો :**

- ❋ **આઈ.એમ.એ.** માટે તા. ૨-૧-૧૯૯૪ થી તા. ૧-૧-૧૯૯૯ વચ્ચે જન્મેલા અપરીણિત પુરુષ ઉમેદવારો અરજી કરી શકશે.
- ❋ **નેવલ એકેડેમી માટે** તા. ૨-૧-૧૯૯૪ થી તા. ૧-૧-૧૯૯૯ વચ્ચે જન્મેલા અપરીણિત પુરુષ ઉમેદવારો અરજી કરી શકશે.
- ❋ **એરફોર્સ એકેડેમી માટે** તા. ૧-૧-૨૦૧૮ ના રોજ ૨૦થી ૨૪ વર્ષ એટલે કે ઉમેદવાર તા. ૨-૧-૧૯૯૪ પહેલા અને તા. ૧-૧-૧૯૯૮ બાદ જન્મેલા ન હોવા જોઈએ. (જે ઉમેદવાર કાયદેસરનું અને હયાત કોમર્શિયલ પાયલોટ લાયસન્સ ધરાવતા હોય તેઓને ૨૬ વર્ષની વય મર્યાદા લાગુ પડશે) ૨૫ વર્ષથી ઓછી વય ધરાવનાર ઉમેદવાર અપરીણિત હોવા આવશ્યક છે. તાલીમ દરમ્યાન લગ્નની પરવાનગી નથી. ૨૫ વર્ષથી વધુ વય ધરાવનાર ઉમેદવાર પરીણિત હશે તો તેઓ અરજી કરી શકે છે પરંતુ તાલીમ સમયગાળા દરમ્યાન તેઓને પત્ની કે કુટુંબ સાથે નિવાસી સુવિધા મળસે નહીં કે તેઓની સાથે રહી શકશે નહીં.
- ❋ **ઓફિસર્સ ટ્રેઈનિંગ એકેડેમી (પુરૂષ) માટે** તા. ૨-૧-૧૯૯૩ થી તા. ૧-૧-૧૯૯૯વચ્ચે જન્મેલા પુરુષ ઉમેદવારો (પરીણિત અથવા અપરીણિત) અરજી કરી શકશે.
- ❋ **ઓફિસર્સ ટ્રેઈનિંગ એકેડેમી (એસએસસી મહિલા) માટે :**
- ❋ અપરીણીત મહિલા, નિઃસંતાન વિધવા કે જેમણે પુનઃ લગ્ન ન કર્યા હોય તેમજ છૂટાછેડા લીધેલ નિઃસંતાન મહિલા (છૂટા છેડાના દસ્તાવેજ રજૂ કરવાના રહેશે) કે જેણે પુનઃ લગ્ન ન કર્યા હોય તેવા ઉમેદવાર અરજી કરી શકે છે. ઉમેદવાર તા. ૨-૧-૧૯૯૩ અને તા. ૧-૧-૧૯૯૯ વચ્ચે જન્મેલા હોવા જોઈએ.
- ❋ કમિશન માત્ર મેટ્રિક્યુલેશન અથવા સેકન્ડરી સ્કુલ લિવિંગ સર્ટિફિકેટ અથવા કોઈપણ ભારતીય યુનિવર્સિટીએ માન્ય રાખેલ મેટ્રિક્યુલેશનની સમકક્ષ સર્ટિફિકેટમાં દર્શાવેલી જન્મ તારીખ ને જ માન્ય રાખશે.

**❑ શૈક્ષણિક લાયકાત :**

- ❋ આઈ.એમ.એ. અને ઓફિસર્સ ટ્રેઈનિંગ એકેડેમી માટે માન્ય યુનિવર્સિટીની ડિગ્રી અથવા સમકક્ષ લાયકાત.
- ❋ નેવલ એકેડેમી માટે બેચલર ઓફ એન્જિનિયરીંગ.
- ❋ એરફોર્સ એકેડેમી માટે માન્ય યુનિવર્સિટીની ડિગ્રી (૧૦+૨ કક્ષાએ ફિઝિક્સ અને મેથેમેટિક્સ વિષયો સાથે) અથવા બેચલર ઓફ એન્જિનિયરીંગ.
- ❋ જે સ્નાતકોએ આર્મી/નેવી/એરફોર્સને પ્રથમ પસંદગી આપી હોય તેઓએ એસ.એસ.બી. ખાતે એસ.એસ.બી. ઈન્ટરવ્યૂના પ્રારંભની તારીખે સ્નાતકના કામચલાઉ પ્રમાણપત્રનો પુરાવો રજુ કરવાનો રહે છે.
- ❋ જે ઉમેદવારો ડિગ્રી કોર્સના આખરી વર્ષમાં અભ્યાસ કરી રહ્યા છે અને જેઓને હજી આખરી વર્ષ પાસ કરવાનું બાકી છે તેઓ પણ અરજી કરી શકે છે પરંતુ આ માટે આઈ.એમ.એ./એસ. એસ.બી.ની પ્રથમ પસંદગી દર્શાવેલ ઉમેદવારોએ Army HQ/Rtg. CDSE Entry, New Delhi-110 066 ને, નેવીની પ્રથમ પસંદગી આપતા ઉમેદવારોએ Naval HQ "DMPR" (R & R Section), Room No. 204, "C" Wing, Sena Bhawan, New Delhi-110 011 ને તથા એરફોર્સની પ્રથમ પસંદગી આપતા ઉમેદવારોએ PO3(A), Air Headquarters, "J" Block, Room No. 17, Opp. Vayu Bhawan, Motilal Nehru Marg, New Delhi-110 011 ને ડિગ્રી પરીક્ષા પાસ કર્યાની સાબિતી રજુ કરવી જરૂરી છે. આઈ.એમ.એ., નેવલ એકેડેમીમાં પ્રવેશ માટે **તા. ૧-૧-૨૦૧૮** ના રોજ કે તે પહેલાં તથા એરફોર્સ એકેડેમીમાં પ્રવેશ માટે **તા. ૧૩-૧૧-૨૦૧૭** ના રોજ કે તે પહેલાં તથા ઓફિસર્સ ટ્રેઈનિંગના એકેડેમી, ચેન્નાઈમાં પ્રવેશ માટે **તા. ૧-૦૪-૨૦૧૭** ના રોજ કે તે પહેલાં અરજી કરવી અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.
- ❋ જે ઉમેદવારો સરકારે વ્યાવસાયિક અને ટેકનિકલ ડિગ્રીની સમકક્ષ ગણેલી વ્યાવસાયિક અને ટેકનિકલ લાયકાતો ધરાવતા હશે તેઓને પણ આ પરીક્ષામાં પ્રવેશ મળી શકશે.
- ❋ અપવાદરૂપ કિસ્સામાં કોઈ ઉમેદવાર આ નિયમ હેઠળ નિયત કરેલ કોઈપણ લાયકાત ધરાવતા ન હોય તેમ છતાં કમિશનને એમ લાગે કે આવા ઉમેદવારની લાયકાતનું ધોરણ તેમને આ પરીક્ષામાં પ્રવેશ મેળવવા માટે વાજબી ઠેરવે છે તો શૈક્ષણિક લાયકાત ધરાવે છે એમ કમિશન માની શકશે.

અપવાદરૂપ કિસ્સાઓમાં કમિશન કોઈપણ ઉમેદવાર કે જે કોઈપણ નિયત લાયકાત ધરાવતા નથી તેમને શૈક્ષણિક રીતે લાયક ગણી શકશે પરંતુ શરત એ કે તેઓ એવી લાયકાત ધરાવતા હોવા જોઈએ કે જેનાં ધોરણો કમિશનના મતે પરીક્ષામાં તેમના પ્રવેશને વાજબી ઠેરવે.

- ❋ સંરક્ષણ મંત્રાલય દ્વારા જે ઉમેદવારોને સંરક્ષણ સેવાઓમાં કોઈપણ પ્રકારના કમિશનમાંથી રુખસદ આપવામાં આવી છે તેવા ઉમેદવારો પરીક્ષામાં પ્રવેશ માટે લાયકાત ધરાવતા નથી અને જો તેઓને પ્રવેશ આપવામાં આવ્યો હશે તો તે રદ કરવામાં આવશે.
- ❋ એરફોર્સના જે ઉમેદવારોને ઉડ્ડયન શીખવામાં મળેલી નિષ્ફળતાના કારણે ઉડ્ડયનની તાલીમમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હોય તેઓને નેવિગેશન/એડ્મિનિસ્ટ્રેશન/આઈ.એ.એફ.ની લોજિસ્ટિક શાખામાં, જગાઓની પ્રાપ્તિ અને ઠરાવેલ ગુણવત્તાનાં ધોરણો (સ્નાતકમાં ૬૦ ટકા સહિત) સંતોષવાની શરતે સમાવવામાં આવશે.

**❑ શારીરિક ધોરણો :**

કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસિસ એક્ઝામિનેશન (I), ૨૦૧૭માં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારો પરિશિષ્ટ (૪)માં દર્શાવેલ માર્ગદર્શિકા મુજબના શારીરિક ધોરણો મુજબ શારીરિક રીતે સક્ષમ હોવા જોઈએ.

❑ ઉમેદવારોએ અરજી ફી રૂપે રૂ.૨૦૦ ચૂકવવાના રહેશે. મહિલા ઉમેદવાર/અ.જા./અ.જ.જા. વર્ગના ઉમેદવારોએ અરજી ફી ચૂકવવાની નથી. ઓન લાઈન અરજી કરનાર ઉમેદવારોએ અરજી ફી એસ.બી.આઈ. તથા તેની સહયોગી બેંકની કોઈપણ બ્રાન્ચમાં રોકડમાં અથવા એસ.બી.આઈ.ની નેટ બેન્કીંગ સુવિધા મારફતે અથવા વીઝા/માસ્ટર ક્રેડિટ/ડેબીટ કાર્ડના માધ્યમથી ચૂકવવાની રહેશે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૨-૧૨-૨૦૧૬ છે.

**❑ અરજી કેવી રીતે કરશો ?**

- ❋ **ઓનલાઈન અરજી :** યુ.પી.એસ.સી.ની વેબસાઈટ : **www.upsconline.nic.in** ઉપર ઓનલાઈન અરજી કરવાની છે. ઓનલાઈન અરજી કરવાની વિગતવાર જાણકારી દર્શાવેલ વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલી છે.
- ❋ જે ઉમેદવારો જાહેર સાહસોમાં નોકરી કરતા હોય તેઓએ આ પરીક્ષા માટે પોતે અરજી કરી છે એવી માહિતી તેઓએ પોતાના કચેરી/વિભાગના વડાને લેખિતમાં કરી છે એવી બાંયેધરી આપવી જરૂરી છે.
- ❋ ઉમેદવારોએ એ વાતની નોંધ લેવી કે જો તેઓના નોકરીદાતા તરફથી કમિશનને એવી જાણ કરવામાં આવે કે ઉમેદવારને પરીક્ષામાં બેસવા માટે કરેલી અરજીની પરવાનગી તેમણે પાછી ખેંચી છે ત્યારે ઉમેદવારની અરજી રદ કરવાની/ઉમેદવારી રદ કરવાને પાત્ર ઠરશે.
- ❋ ઉપરોક્ત પરીક્ષા માટે અરજી કરતા ઉમેદવારોએ એ વાતની ખાતરી આપવાની રહેશે કે તેઓ પરીક્ષામાં પ્રવેશ માટેની તમામ લાયકાતની શરતો ધરાવે છે.
- ❋ લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યૂ વગેરેમાં ઉમેદવારોનો પ્રવેશ કામચલાઉ ગણાશે અને જો આ બંને પરીક્ષાની અગાઉ અથવા પાછળથી જો તેઓ લાયકાતની કોઈપણ શરત ધરાવતા નથી એવું માલૂમ પડશે તો તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.
- ❋ ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ લેખિત પરીક્ષાના પરિણામ બાદ નીચે જણાવેલ મુળ પ્રમાણપત્રો અને તેની પ્રમાણિત નકલો તૈયાર રાખે.

  (૧) મેટ્રિક/હાયર સેકંડરી સ્કૂલ સર્ટિફિકેટ અથવા તેની સમકક્ષ પરીક્ષા (જન્મ તારીખ દર્શાવતું) (૨) ડિગ્રી/કામચલાઉ ડિગ્રી પ્રમાણપત્ર/ગુણપત્રક કે જેમાં સ્પષ્ટપણે ડિગ્રી પરીક્ષા પાસ કર્યાનું દર્શાવ્યું હોય.
- ❋ લેખિત પરીક્ષાનું પરિણામ **મે-૨૦૧૭**માં જાહેર થવાની સંભાવના છે.
- ❋ ઈન્ટરવ્યૂ આપનાર તમામ ઉમેદવારે મુળ પ્રમાણપત્રો/કામચલાઉ પ્રમાણપત્રો સાથે રાખવાં.
- ❋ જે ઉમેદવારોએ ડિગ્રીના આખરી વર્ષની પરીક્ષા પાસ કરી નથી તેઓએ કોલેજ/સંસ્થાના આચાર્ય પાસેથી, ઉમેદવાર ડિગ્રી પરીક્ષાના આખરી વર્ષની પરીક્ષા આપી છે/આપી રઆા છે એ મતલબનું મુળ પ્રમાણપત્ર મેળવીને રજુ કરવું અન્યથા તેઓને ઈન્ટરવ્યૂ આપવા દેવામાં આવશે નહિ.
- ❋ જે ઉમેદવારોએ ખોટા/ચેડાં કરેલા દાવાઓ રજુ કર્યા હશે તેઓની સામે કમિશનની જોગવાઈઓ મુજબ શિસ્તભંગના પગલાં લેવામાં આવશે.

❑ **અગત્યનું :** કમિશન સાથેના તમામ પત્રવ્યવહારમાં નીચેની વિગતો અચૂક દર્શાવવી.

(૧) પરીક્ષાનું નામ અને વર્ષ (૨) રજીસ્ટ્રેશન આઈ.ડી. (RID) (૩) રોલ નંબર (જો આપવામાં આવ્યો હોય તો) (૪) ઉમેદવારનું નામ (પૂરેપૂરૂં અને બ્લોક લેટરમાં) (૫) અરજીમાં દર્શાવ્યા મુજબનું ટપાલનું સરનામું (ટેલીફોન નંબર સાથે)

- ❋ જો ઉમેદવાર તરફથી પરીક્ષા બાદ કોઈ પત્રવ્યવહાર મળશે તો અને તેમાં જો ઉમેદવારનું પુરૂં નામ અને રોલ નંબર દર્શાવેલ નહિ હોય તો કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહિ.
- ❋ ઉમેદવારોને જણાવેલ તારીખે જ ઈન્ટરવ્યૂમાં હાજર રહેવા જણાવવામાં આવે છે. ઈન્ટરવ્યૂ માટે ભવિષ્યની તારીખ આપવાની વિનંતી ખૂબ જ વાજબી કિસ્સાઓમાં અને તે પણ વહીવટી સરળતા હશે તો જ વિચારવામાં આવશે. આવી વિનંતી પસંદગી કેન્દ્ર/એસ.એસ.બી. કે જ્યાંથી કોલ લેટર પ્રાપ્ત થયો છે ત્યાં મોકલવી.
- ❋ આઈ.એમ.એ.ના ઈન્ટરવ્યૂનો કોલ લેટર જો ઓગસ્ટ-૨૦૧૭ના ચોથા સપ્તાહ સુધીમાં ન મળે તો અને ઓ.ટી.એ.ના ઈન્ટરવ્યૂનો કોલ લેટર જો નવેમ્બર-૨૦૧૭ના ચોથા સપ્તાહ સુધીમાં ન મળે તો ઉમેદવારે Army Headquarter/Rtg. CDSE Entry, SSC Women Entry for Officers Training Academy, 175, West Block-III, Ramakrishna Puram, New Delhi-110 066 ને લખવું અથવા ફોન નં. ૨૬૧૭૬૦૨૮ ઉપર સંપર્ક કરવો. તથા નેવી/એરફોર્સના ઉમેદવારોએ આ બાબતે જો ઓગસ્ટ-૨૦૧૭ના ચોથા સપ્તાહ સુધીમાં કોલ લેટર ન મળે તો Navel Hqrs. અથવા Air Hqrs. ને લખવું.

**નાયબ સચિવ,**
કેન્દ્રિય જાહેર સેવા આયોગ.

**વધુ વિગતવાર માહિતી માટે યુ.પી.એસ.સી.ની વેબસાઈટ www.upsc.gov.in જોઈ લેવા ભલામણ.**


**અનુસંધાન ૬ઠ્ઠા પાને...**

# ભારતીય હવાઇ દળમાં કારકિર્દીની તકો

**દેશની અવકાશી સીમાઓના સાર્વભૌમત્વના રક્ષક તરીકે માભોમની રક્ષા અને ગૌરવ માટે પોતાની જાતને સમર્પિત કરવાની આ એક અમૂલ્ય તક છે.ભારતીય હવાઇ દળમાં જોડાઇને તમે એક ઉમદા અને નિસ્વાર્થ સેવાને વરેલા પ્રોફેશનલનો હિસ્સો બની શકો છો.જ્યાં તમારી પ્રતિજ્ઞા હોય છે કે દેશના હવાઇ સિમાડાઓ સુરક્ષિત રહે, જ્યાં તમારી બહાદુરી, હિંમત, શૌર્ય અને પ્રાણ ન્યોછાવર કરવાની તથા વિપરીત પરિસ્થિતિમાંથી શ્રેષ્ઠ પરિણામ હાંસલ કરવાની ધીરજની દરેક ક્ષણે અને દિવસે કસોટી થાય છે !**

**તેજસ્વી યુવા પુરૂષ અને મહિલાઓ  કે જેઓ ભૂરા આકાશની ઊંચાઇઓને આંબવાની ખેવના રાખે છે તેઓ માટે હવાઇ દળના દ્વાર ખુલ્લા છે.ભારતીય હવાઇ દળમાં કારકિર્દી બનાવનાર પુરૂષને હવાઇ દળ એક હવાઇ યોધ્ધા બનાવે છે, કે જે કોઇપણ પડકારને પહોંચી વળવા માટે તૈયાર રહે છે.હવાઇ દળમાં એ તાકાત કે તત્વ છે કે જેને કારણે આપણે હવાઇ શક્તિને અવકાશી શક્તિમાં પરિવર્તીત કરી શકીએ છીએ.**

**શું તમે પણ તેનો હિસ્સો બનવા માંગો છો ?  હવાઇ દળમાં કારકિર્દીની કેવી તકો રહેલી છે તે વિશે અહીં વિસ્તૃત માહિતી આપવામાં આવી છે.**



**ફ્લાઇંગ બ્રાંચ :  (ઊંચાઇને આંબવાનો ધ્યેય)**

કલ્પના કરો કે અવાજની ગતિથી પણ વધુ ઝડપે ઊડવાનો રોમાંચ, વૃક્ષોની ટોચથી બચતા રહીને આગળ વધવું, ગૌરવ સાથે આકાશને આંબવું તથા વણખેડાયેલા વિસ્તારોમાં ભ્રમણ કરવું.આ બધું તમે ભારતીય હવાઇ દળના પાયલોટ તરીકે કરી શકો છો.હવાઇ દળમાં તમે દુશ્મનોને રોકવામાં, લશ્કરી અને નૌકાદળના ઓપરેશનોમાં ઉડાનો ભરવા, યુધ્ધ મોરચે સૈનિકોને પહોંચાડવામાં તથા કુદરતી હોનારતોમાં જાનહાની અટકાવવા અને રાહત સામગ્રી પહોંચતી કરીને એમ તમે ઘણી રીતે દેશની સેવા કરી શકો છો.

હવાઇ દળમાં ફાઇટર પાયલોટ તરીકે તમને Su-30MKI, મિરાજ-૨૦૦૦, જગુઆર અને મીગ શ્રેણીના ઉત્કૃષ્ટ લડાકુ એરક્રાફ્ટ ઉડાડવાની તક મળે છે.જો તમારો ઝુકાવ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ તરફ હોય તો C-117, C-130J, IL-76, IL-78 જેવા એરક્રાફ્ટ ઉડાડી શકો છો.તમે હેલિકોપ્ટર પાયલોટ બનીને Mi-17, Mi-26, Mi-35 હેલી-ગનશીપ્સ જેવા ફાઇટર હેલિકોપ્ટર ફ્લાય કરી શકો છે.

ફ્લાઇંગ બ્રાંચમાં કમિશન ઓફિસર બની ગયા બાદ તમે સ્કોડ્રન પાયલોટ તરીકે ઉડાન ભરી શકો છો.સ્કોડ્રન પાયલોટ તરીકે જરૂરી અનુભવ અને સિનિયોરીટી પ્રાપ્ત કર્યા બાદ તમારી ભૂમિકા અને જવાબદારી વધે છે.જેના આધારે તમને ફ્લાઇંગ ઇન્સ્ટ્રક્ટર, ફ્લાઇટ કમાન્ડર, સ્કોડ્રન કમાન્ડર તથા છેવટે સ્ટેશન કમાન્ડર પણ બની શકો છે.પ્રદર્શન અને સિનિયોરીટીના આધારે હવાઇ દળના સૌથી ટોચના પદ એર માર્શલ અને એર ચીફ માર્શલ તરીકે પણ નિમણૂક મળી શકે છે.

**ટેકનિકલ બ્રાંચ : (તમારા ભવિષ્યના એન્જિનિયર)**

જ્યારે તમે એન્જિનિયરીંગની ડિગ્રી પ્રાપ્ત કરી લો ત્યારે અને ત્યારપછી તમે પરકારરૂપ કારકિર્દીની તલાશમાં હોવ ત્યારે એવા જૂજ ફિલ્ડ ઉપલબ્ધ હોય છે કે જેમાં ઉચ્ચ વળતર આપતી કારકિર્દી અને દેશ સેવા કરવાનો બેવડો લાભ મળતો હોય ! ભારતીય હવાઇ દળ તેની ટેકનિકલ બ્રાંચમાં તમને એ તક પૂરી પાડે છે.ભારતીય હવાઇ દળ તેની ટેકનિકલ બ્રાંચમાં તમને પડકારરૂપ કારકિર્દી અને ઉચ્ચ વળતરની સાથે દેશ સેવા માટેની તક પૂરી પાડે છે. હવાઇ દળની ટેકનિકલ બ્રાંચમાં જોડાવવાનો મતલબ છે કે તમે ઉચ્ચ આધુનિક ટેકનોલોજી ધરાવતા એરક્રાફ્ટ અને ઉપકરણો દ્વારા આમને સામને થાવ છો.અહીં તમારે એરક્રાફ્ટ, વેપન સિસ્ટમ, કોમ્યુનિકેશન અને અન્ય સપોર્ટ સિસ્ટમ સાથે કામ કરવાનું છે.હવાઇ દળમાં તમારે ઉચ્ચ કક્ષાની ઓપરેશન માટેની તૈયારી રાખવાની છે.પ્રોફેશનલ ટ્રેઇનીગ દ્વારા હવાઇ દળમાં તમે તમારા ભવિષ્યના એન્જિનિયર બનીને ખુમારી સાથે આકાશને આંબી શકો છો.

ટેકનિકલ બ્રાંચ ઓફિસર તરીકે તમે હવાઇ દળમાં ફ્લાઇંગ

## કેરિયર ઓપ્શન

ઓફિસરની રેંકમાં નિયુક્તિ મેળવીને સીધા જ એન્જિનિયરીંગ પ્રવૃત્તિઓ સાથે સંકળાઇ શકો છો.સેવામાં વૃધ્ધિ થવાની સાથે અનુભવ વધવાથી નિરીક્ષક તરીકે અને જુનિયરોને તાલીમ આપવા જેવી વધારાની જવાબદારીઓ પણ નિભાવવાની તક મળે છે.વિવિધ પ્રકારના કોર્સ અને ઉચ્ચ ટેકનિકલ લાયકાતોની તકો આપીને હવાઇ દળ તમારી કારકિર્દીનું ઘડતર કરે છે જેના કારણે તમે આ ફિલ્ડમાં તમારી મહત્વકાંક્ષાઓ પૂર્ણ કરી શકો છો.

**ગ્રાઉન્ડ ડ્યુટી બ્રાંચ : ઓપરેશનલ સપોર્ટ ગ્રુપ :** સૈન્યના વ્યવસ્થાપન અને સંચાલનનો મૂળ ખ્યાલ પ્રાચીન કાળનો છે.તે સમયમાં યુદ્ધની સ્થિતિમાં વિપરીત સંજોગોમાં માનવ બળ અને સરંજામના વ્યવસ્થાપન માટે ઉચ્ચકક્ષાના નેતૃત્વ અને માનવ કૌશલ્યની જરૂરિયાત રહેતી હતી.

અત્યારે અંત્યાધુનિક એરક્રાફ્ટ અને હથિયારોનો સમાવેશ થયો હોવાથી હવાઇ દળમાં ઓપરેશનલ સપોર્ટ ગ્રુપ કાર્યરત છે જેમાં ઉચ્ચકક્ષાની તાલીમ પામેલા અને ક્વોલીફાઇડ પ્રોફેશનલો હોય છે જેઓની જવાબદારી ઓપરેશનને નિરંતર ચાલુ રાખવાની હોય છે.ગ્રાઉન્ડ ડ્યુટી બ્રાંચમાં સેવારત ઓફિસરની ભૂમિકા ખૂબ મહત્વની હોય છે.માનવ બળ, નાણાં, સામગ્રીનું વ્યવસ્થાપન, સારા માનવ સંશાધન વિકાસ માટે શૈક્ષણિક સુવિધાઓ વધારવી તથા તેઓ માટે સાધન-ઉપકરણો, રાશન અને કપડાં ઉપલબ્ધ કરાવવાની જવાબદારી રહે છે.મિટીયોરોલોજી અને એટીસી/એફસી બ્રાંચમાં ઓફિસરની જવાબદારી સલામત ઉડ્યન માટે હવામાનનો મિજાજ જાણવાની સાથે એરટ્રાફિક એન્વાર્યમેન્ટ કંટ્રોલીંગ અને કોમ્બેટ રોલમાં ફાઇટર એરક્રાફ્ટ સાથે સતત સંકલનમાં રહેવાની છે.

**હવાઇ દળમાં મહિલાઓ :**

મહિલાઓએ હવે દરેક ક્ષેત્રમાં પોતાનું કૌવત બતાવ્યું છે. સંરક્ષણ દળો પણ તેમાંથી બાકાત નથી.ભારતીય હવાઇ દળ તેની બધી જ બ્રાંચો જેવી કે ફ્લાઇંગ, ટેકનિકલ અને ગ્રાઉન્ડ ડ્યુટી બ્રાંચમાં મહિલાઓ માટે શોર્ટ સર્વિસ કમિશન ઓફર કરે છે.ફ્લાઇંગ બ્રાંચમાં ૧૪ વર્ષ માટે (સેવાનો ગાળો વધારી શકાતો નથી) તથા ટેકનિકલ અને ગ્રાઉન્ડ ડ્યુટી બ્રાંચ માટે ૧૦ વર્ષ માટે શોર્ટ સર્વિસ કમિશન આપવામાં આવે છે. જેમાં વધુ ચાર વર્ષનો વધારો થઇ શકે છે.એકાઉન્ટસ, એજ્યુકેશન અને ટેકનિકલ બ્રાંચમાં શોર્ટ સર્વિસ કમિશન મેળવનાર પરમેનન્ટ કમિશન પણ મેળવી શકે છે.વિવિધ તાલીમ સંસ્થાઓ ખાતે ખૂબ કઠીન અને થકવી નાખતી તાલીમ બાદ મહિલાઓ હવાઇ દળમાં આકર્ષક અને પડકારરૂપ કારકિર્દી માટે તૈયાર થાય છે.તેઓના કાર્યકાળ દરમ્યાન મહિલા અધિકારીઓને વિવિધ પ્રકારના પડકારરૂપ કાર્યો સોંપવામાં આવે છે.દેશભરમાં આવેલા હવાઇ દળના બેઝ અને સ્કોડ્રન ખાતે મહિલાઓ પાયલોટ, એન્જિનિયર અથવા ગ્રાઉન્ડ ડ્યુટી ઓફિસર તરીકે સેવા આપે છે.મોટાભાગની મહિલા ઓફિસરોએ તેઓના પ્રોફેશનલમાં તો હીર સાબીત કર્યુ જ છે પરંતુ વિવિધ સાહસિક રમતો જેવી કે સ્કાય ડાઇવીંગ, સ્કેલીંગ માઉન્ટીયન્સ, પેરા જંપીંગ વગેરેમાં પણ સિધ્ધી હાંસલ કરી છે.

**પસંદગી પ્રક્રિયા અને તબીબી પરિક્ષણ :**

વિવિધ શાખાઓમાં પ્રવેશ માટે પસંદગી પ્રક્રિયા લેખિત પરીક્ષા સાથે શરૂ થાય છે.ફ્લાઇંગ બ્રાંચ માટે NDA અને CDSE પરીક્ષા કેન્દ્રિય જાહેર સેવા આયોગ દ્વારા યોજવામાં આવે છે.તેવી જ રીતે ફ્લાઇંગ (SSC) , ટેકનિકલ અને ગ્રાઉન્ડ ડ્યુટી બ્રાંચ માટે હવાઇ દળ દ્વારા એર ફોર્સ કોમન એડમિશન ટેસ્ટ (AFCAT) યોજાય છે.લેખિત પરીક્ષામાં સફળ થયેલા ઉમેદવારોને એર ફોર્સ સિલેકશન બોર્ડના દહેરાદૂન, મૈસુર, વારાણસી, ગાંધીનગર અથવા કંચારાપારા પૈકી કોઇપણ એક સ્થળે આગળની કસોટીઓ માટે બોલાવવામાં આવે છે. SSB માં સ્ટેજ-૧ ટેસ્ટમાં ચિત્ર સંકેત અને ડિસ્કશન ટેસ્ટ (PP & DT) અને ઇન્ટેલિજન્સ ટેસ્ટ યોજવામાં આવે છે (બધી જ એન્ટ્રીઓ માટે). સ્ટેજ-૧માં ક્વોલીફાઇ થયેલા ઉમેદવારોને ત્યારબાદ સ્ટેજ-૨ માટે બોલાવવામાં આવે છે.આ સ્ટેજમાં સાયકોલોજીકલ ટેસ્ટ, ગ્રુપ ટેસ્ટ અને ઇન્ટરવ્યૂ યોજાય છે. ફ્લાઇંગ બ્રાંચ માટે ઉમેદવારોની પાયલોટ એપ્ટિટ્યૂડ બેટરી ટેસ્ટ (PABT) લેવામાં આવે છે.છેવટે તારવણી કરવામાં આવેલા ઉમેદવારોને AFCME, નવી દિલ્હી અથવા IAM બેંગાલુરૂ ખાતે તબીબી પરિક્ષણ માટે બોલાવવામાં આવે છે. AFSBs દ્વારા ભલામણ કરવામાં આવેલા અને તબીબી રીતે ફીટ ઉમેદવારોને વિવિધ બ્રાંચ અને સબ બ્રાંચમાં ઉપલબ્ધ જગ્યાઓને આધારે ઓલ ઇન્ડિયા મેરિટ લિસ્ટમાં ક્રમ મુજબ તાલીમ માટે પસંદ કરવામાં આવે છે.

**પગાર અને ભથ્થાં :**

કમિશન મેળવ્યા બાદ ઓફિસરને પે બેન્ડ-૩માં રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ વત્તા ગ્રેડ પે રૂ.૫૪૦૦, મિલીટરી સર્વિસ પે રૂ.૬૦૦૦ તથા મોંઘવારી ભથ્થું, ટી.એ., કીટ મેન્ટેનન્સ એલાઉન્સ મળવાપાત્ર થાય છે.તદઉપરાંત, અન્ય ભથ્થાઓ જેવા કે ફ્લાઇંગ એલાઉન્સ, ટેકનિકલ એલાઉન્સ, ફિલ્ડ એરિયા એલાઉન્સ, સ્પેશ્યલ કોમ્પેન્સેન્ટરી (હિલ એરિયા) એલાઉન્સ, સ્પેશ્યલ ફોર્સ એલાઉન્સ, શિયાચીન એલાઉન્સ, આઇસ લેન્ડ સ્પેશ્યલ ડ્યુટી એલાઉન્સ, ટેસ્ટ પાયલોટ અને ફ્લાઇટ ટેસ્ટ એન્જિનિયર એલાઉન્સ, હાર્ડ એરિયા એલાઉન્સ અને રિમોટ લોકાલીટી એલાઉન્સ, સુવિધાજનક આવાસ સુવિધા, પોતાના અને પરિવાર માટે મફત તબીબી સુવિધા, ટ્રાવેલ કન્સેશન, કાર અને મકાન ખરીદવા માટે લોન, કેન્ટીન સુવિધા, મફત રાશન, સ્કૂલ ફી રિએમ્બર્સમેન્ટ, સ્કૂલ ટ્રાન્સપોર્ટ, ગ્રેજ્યુઇટી, જીવન વીમો અને પેન્શન સહિત નિવૃત્તિના લાભો જેવા અઢળક લાભો ફરજનું સ્થળ અને કામગીરીના પ્રકારને આધારે મળી શકે છે.

વિગતવાર જાણકારી માટે હવાઇ દળની વેબસાઇટ www.careerairfroce.nic.in જોવી.

**સંપર્ક નંબર :** ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૧૧-૨૪૪૮, ફોન નંબર : ૦૧૧-૨૩૦૧૩૬૯૦. ઇ-મેઇલ : career_iaf@bol.net.in

**અનુસંધાન ૭મા પાને...**

# વેલ્યૂએબલ વ્યવસાય

અત્યારના આધુનિક યુગમાં 'નોકરી'ના ક્ષેત્રમાં ઘણીજ તીવ્ર સ્પર્ધા જોવા મળે છે, તેજ પ્રમાણે 'ધંધા'ના ક્ષેત્રમાં પણ અનેક જોખમોનો સામનો કરવો પડે છે. આવા સમયે વિદ્યાર્થીઓ કોઈ સારા પ્રોફેશન (વ્યવસાય)ની શોધમાં હોય, તે સ્વાભાવિક છે. તો આજે આ લેખ દ્વારા વ્યવસાય ક્ષેત્રના એક વિકલ્પની ચર્ચા કરી લઈએ.

કોઈપણ વિદ્યાશાખામાંથી સ્નાતક (ગ્રેજ્યુએશન) થયેલાં વિદ્યાર્થીઓ સારી નોકરી તેમજ સારા વ્યવસાયની શોધમાં હોય, તો આવી ટુ-ઈન-વન સુવિધા ધરાવતા અભ્યાસક્રમની વિસ્તૃત સમજૂતી મેળવી લઈએ.

**અભ્યાસક્રમનું નામ :** (૧) માસ્ટર ઑફ વેલ્યૂએશન ઈન રિયલ એસ્ટેટ

(૨) માસ્ટર ઑફ વેલ્યૂએશન ઈન પ્લાન્ટ એન્ડ મશીનરી

**અભ્યાસક્રમનો સમયગાળો :** ૨ વર્ષ (૪ સેમેસ્ટર)નો ફૂલ ટાઈમ અભ્યાસક્રમ

**અભ્યાસક્રમ માટે જરૂરી લાયકાત :** કોઈપણ વિષયમાં સ્નાતક આમ છતાં વિજ્ઞાનપ્રવાહ (કોઈપણ વિષય), કોમર્સ (કોઈપણ વિષય) ઉપરાંત લૉ, આર્કિટેક્ચર, મેનેજમેન્ટ તેમજ એન્જિનિયરીંગ વિદ્યાશાખાના સ્નાતકને આ અભ્યાસક્રમ વધુ ઉપયોગી સાબીત થઈ શકે છે.

**અભ્યાસક્રમની ફી :** સેમેસ્ટર દીઠ રૂા. ૫૦,૦૦૦ થી રૂા. ૧,૦૦,૦૦૦ સુધીની

**અભ્યાસક્રમના વિષયો :** પ્રથમ સેમેસ્ટરમાં ૬, બીજા અને ત્રીજા સેમેસ્ટરમાં ૭ વિષયો જ્યારે ચોથા અને અંતિમ સેમેસ્ટરમાં પ્રોજેક્ટ વર્ક

**અભ્યાસક ચલાવતી સંસ્થા :** ગુજરાતમાં સરદાર પટેલ યુનિવર્સિટી આ અભ્યાસક્રમ ચલાવે છે તેમજ નવા શૈક્ષણિક વર્ષથી અન્ય કેટલીક યુનિવર્સિટીઓ આ પ્રકારનો અભ્યાસક્રમ શરૂ કરે તેવી શક્યતા રહેલી છે. ગુજરાતમાં કેટલીક ખાનગી સંસ્થાઓ પણ આવા પ્રકારના અભ્યાસક્રમ ટૂંકા ગાળા માટે સર્ટિફિકેટ/ડિપ્લોમાં કોર્સીસરૂપે ચલાવે છે. ગુજરાત રાજ્યની બહાર ઘણી પ્રિમીયમ ઈન્સ્ટિટ્યૂટ્સ તેમજ યુનિવર્સિટી આવો અભ્યાસક્રમ ચલાવી રહી છે.

**અભ્યાસક્રમનું મહત્ત્વ :**

- આ પ્રકારનો અભ્યાસક્રમ ફુલ ટાઈમ U.G.C. માન્ય યુનિવર્સિટીમાંથી કરવામાં આવે, તો નોકરી ક્ષેત્રે સારી તક રહેલી છે. ખાસ કરીને મલ્ટીનેશનલ કંપનીઓ, સેમી ગર્વમેન્ટ સંસ્થાઓ જેવીકે HUDCO તેમજ રીયલ એસ્ટેટ અને પ્લાન્ટ એન્ડ મશીનરીના વેલ્યૂએશનનું કાર્ય કરતી પ્રોફેશનલ ફર્મમાં સારા પેકેજ સાથે રોજગારીની તક રહેલી છે.
- આ પ્રકારનો અભ્યાસક્રમ કર્યા બાદ નોકરી કરવા માંગતા ન હોય, તેઓ માટે સ્વતંત્ર વ્યવસાય કરવાની વિશાળ તક રહેલી છે. કારણ કે 'રીયલ એસ્ટેટ'માં સરકાર માન્ય વેલ્યુઅર (ગર્વમેન્ટ રજિસ્ટર્ડ વેલ્યૂઅર) બનવા માટે સિવિલ એન્જીનિયરીંગ કે આર્કિટેક્ચરની ડિગ્રી ઉપરાંત ૧૦ વર્ષનો અનુભવ જરૂરી હતો. જ્યારે હેલ્થ ટીમ એક્ટ-૧૯૭૭માં કરાયેલા સુધારા મુજબ આ અભ્યાસક્રમ ઉપરાંત ૨ વર્ષનો જ અનુભવ જરૂરી છે. તેજ પ્રમાણે 'પ્લાન્ટ એન્ડ મશીનરી'માં સરકાર માન્ય વેલ્યૂઅર (ગર્વમેન્ટ રજિસ્ટર્ડ વેલ્યૂઅર) બનવા માટે અગાઉ મિકેનીકલ/ઇલેક્ટ્રીકલ એન્જિનિયરીંગ ડિગ્રી સહીત ૧૦ વર્ષનો અનુભવ જરૂરી હતો, જ્યારે વેલ્થ ટેક્ષ એક્ટ-૧૯૭૭માં કરાયેલા સુધારા મુજબ આ અભ્યાસક્રમ ઉપરાંત ૨ વર્ષનો જ અનુભવ જરૂરી છે.
- કેટલીકવાર કેટલાંક અત્યંત મેઘાવી વિદ્યાર્થીઓ માટે સારા પૅકેજવાળી જોબની સાથોસાથ 'રીયલ એસ્ટેટ' તેમજ 'પ્લાન્ટ એન્ડ મશીનરી'ના ફિલ્ડમાં કન્સલટીંગ કરવુ શક્ય હોય છે.
- આજના અત્યાધુનિક તેમજ વૈશ્વિકીકરણના યુગમાં કંપનીઓના જોડાણ (મર્જર) થવા કે હસ્તાંતર (એક્વીઝીશન) કરવું એ સામાન્ય ઘટના બની ચૂકી છે. આવા સમયે કંપનીઓની તમામ મિલકતોનું વેલ્યુએશન કરવું જરૂરી બને છે. આ માટે પણ વેલ્યુએશનનો અભ્યાસ કરનારાના વૅલ્યુઅરની તાતી જરૂરિયાત રહે છે.
- સરકાર દ્વારા કેટલીકવાર ખાનગી જમીનોનું જાહેર હેતુઓ માટે જમીન સંપાદન ધારા (લૅન્ડ એક્વીઝશન ઍક્ટ) હેઠળ સંપાદનનું કાર્ય હાથ ધરવામાં આવે છે. આવુ જમીન સંપાદિતનું કાર્ય કરવા માટે જમીનના મૂળ માલિકોને વળતરની રકમ ચૂકવવી પડે છે. આ વળતરની રકમ નક્કી કરવાનું કાર્ય પણ રીયલ એસ્ટેટ વેલ્યૂઅર કરી શકે છે. અને આવા કાર્યમાં તેઓને વળતરરૂપે સારી 'ફી' મળી શકતી હોય છે.

## રોજગારની આસપાસ

### રાજેન્દ્ર ઉપાધ્યાય

- વિદેશમાં જવા ઇચ્છૂક વ્યક્તિઓ દેશમાં સ્થાવર મિલકતો હોઈ, દેશમાં પોતાનું હિત ધરાવતા હોવાથી પાછા ફરશે તેમજ તેઓ આર્થિક રીતે સક્ષમ છે, તેવું દર્શાવવા માટે તેમજ પ્રસ્થાપિત કરવા માટે વૅલ્યૂએશન કરાવવું જરૂરી બને છે. આ માટે પણ વૅલ્યૂઅરની જરૂરિયાત રહે છે.
- જ્યારે કોઈ વ્યક્તિ નાદાર / ડિફોલ્ટર બને અથવા તેની પેઢી ફડચામાં જાય ત્યારે તેની લિક્વીડેશન / વિસર્જનની પ્રક્રિયા કરવા માટે, તેઓની સ્થાવર મિલકતોની કિંમત નક્કી કરવી જરૂરી બને છે, આ માટે પણ ગર્વમેન્ટ એપ્રૂવ્ડ વૅલ્યૂઅરની જરૂરિયાત રહે છે.
- જ્યારે બૅન્ક કે ફાઈનાન્સ કંપનીઓ પાસે પોતાની મિલકતો ગીરવે મૂકીને લોન મેળવવી હોય, ત્યારે બૅન્ક કે ફાઈનાન્સ કંપનીઓ નાની રકમની લોન માટે ઈન્ડિવીઝ્યુઅલ / વ્યક્તિગત અને મોટી રકમની લોન માટે પોતાના પેનલ વૅલ્યૂઅર પાસે જે-તે મિલકતનું વેલ્યૂએશન કરાવે છે. આથી બૅન્ક તેમજ ફાઈનાન્સ કંપનીઓને પણ વેલ્યૂઅરની જરૂરિયાત રહે છે.
- કોઈપણ મિલકતની ખરીદી કરવા માટે કે તેનું વેચાણ કરવા માટે મિલકતની સાચી કિંમત જાણવા, તેનું વૅલ્યુએશન કરાવવું જરૂરી બને છે. તેમાં પણ રજિસ્ટર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ માટે તો તેમની મિલકતોના વેચાણ અંગે મિલકતોનું વૅલ્યુએશન કરાવવું ફરજિયાત છે. આથી પણ આવા સંજોગોમાં વૅલ્યુઅરની જરૂરિયાત ઉદ્ભવે છે, અને તેઓને સારી 'ફી' મળી રહે છે.
- વેલ્થ ટેક્સ (સંપત્તિ વેરો) ભરવા માટે પણ મિલકતનું વૅલ્યુએશન જરૂરી બને છે.
- સ્થાવર મિલકતોનો વીમો ઉતરાવવો હોય, તો તેનું વીમાપાત્ર મૂલ્ય (ઇન્સ્યોરેબલ વેલ્યૂ) નક્કી કરવા માટે પણ વૅલ્યુઅરની જરૂરિયાત રહે છે. વીમા કંપનીઓ પોતાની કંપનીના વૅલ્યૂઅર રાખતી હોવાથી, વૅલ્યૂએશનનો અભ્યાસક્રમ કરનારના વીમા કંપનીઓમાં પણ રોજગારીની તક મળી રહે છે.
- સામાન્ય રીતે કંપનીઓએ તેમના હિસાબી ચોપડાઓમાં પોતાની મિલકતની ઘસારાબાદની ઘટેલી કિંમત દર્શાવતી હોય છે. આવી મિલતોનું રિ-વૅલ્યૂએશન કરવા માટે પણ વૅલ્યૂએશનનો અભ્યાસક્રમ કરી ચૂકેલા રિયલ એસ્ટેટ વૅલ્યૂઅર તેમજ પ્લાન્ટ એન્ડ મશીનરી વૅલ્યૂઅરની સેવાની જરૂર પડશે અને તેઓને સારી 'ફી' પણ ચૂકવવી પડે છે.
- સંયુક્ત પરિવારમાં મિલકતોની વહેંચણી કરવામાટે તટસ્થ વ્યક્તિની જરૂર પડે છે, ઉપરાંત કુટુંબના વડિલ / કર્તાના અવસાન બાદ તેઓના ભૌતિક વારસાને યોગ્ય રીતે વહેંચવા માટે જાણકાર હોય તેવી વ્યક્તિની જરૂર પડે છે. આ માટે વૅલ્યૂઅરને નિશ્ચિત રકમ ચૂકવીને તેની સેવા લેવી પડે છે.
- ઈન્કમટેક્ષ એક્ટ મુજબ નવા બાંધકામનો ખર્ચ, ઘર ભાડાની આવક, સ્થાવર મિલકતના વેચાણ દરમિયાન થયેલા મૂડી નફા (કેપિટલ ગેઈન્સ) વગેરે સંજોગોમાં નોંધાયેલા (એપ્રુવ્ડ) વૅલ્યૂઅર પાસે વૅલ્યૂએશન કરાવવુ ફરજિયાત છે.

**અભ્યાસક્રમ બાદ પ્રાપ્ત થતી રોજગારીની તકો :**

- આ અભ્યાસક્રમ બાદ, વિદ્યાર્થીને સારી રોજગારીની તક, સ્વતંત્ર વ્યવસાય તેમજ પેઢી શરૂ કરી ધંધો વિકસાવવાની તક એમ રોજગારીના ત્રણેય સ્ત્રોત (નોકરી, ધંધો, વ્યવસાય) કરવાની તક રહેલી છે. વૅલ્યુએશન કરાવવાના સંજોગો વધતા જતા હોવાથી વૅલ્યુઅર માટે કમાણીની તકો વધતી રહે છે.
- સી.એ., સી.એસ., સી.એમ.એ.(જૂનું આઈ.સી.ડબલ્યુ.એ.) એન્જિનિયરીંગ (ખાસ કરીને સિવિલ બ્રાન્ચ), એલ.એલ.બી., એલ.એલ.એમ., ઓડિટર જેવી પ્રોફેશનલ ડિગ્રી ધારકો માટે આવો અભ્યાસક્રમ 'સોને પે સુહાગા' જેવો બને છે. તેઓનું વેતન—ફી પણ વધી જાય છે.
- એકાઉન્ટીંગ, લો, એન્જિનિયરીંગના ક્ષેત્રમાં કાર્ય કરતા કર્મચારીઓ માટે આ અભ્યાસક્રમ પ્રમોશન મેળવી આપવામાં મદદરૂપ બને છે.
- વૅલ્યૂઆર તરીકેની કારકિર્દીમાં રિયલ એસ્ટેટ વૅલ્યૂઅર તેમજ પ્લાન્ટ એન્ડ મશીનરી વૅલ્યૂઅર એમ બે પ્રકારના વિકલ્પો રહેલા છે.

અનુસંધાન નં. ૨નું ચાલુ...

## APPENDIX I

### The scheme, standard and syllabus of the examination

**A. SCHEME OF EXAMINATION**

1. The Competitive examination comprises:

- Written examination as shown in para 2 below
- Interview for intelligence and personality test (vide Part 'B' of this Appendix) of such candidates as may be called for interview at one of the Services Selection Centres

2. The subjects of the written examination, the time allowed and the maximum marks allotted to each subject will be as follows:

- For Admission to Indian Military Academy, Indian Naval Academy and Air Force Academy

| Subject | Duration | Maximum Marks |
|---|---|---|
| 1. English | 2 Hours | 100 |
| 2. General Knowledge | 2 Hours | 100 |
| 3. Elementary Mathematics | 2 Hours | 100 |

(b) For Admission to Officers' Training Academy

| Subject | Duration | Maximum Marks |
|---|---|---|
| 1. English | 2Hrs | 100 |
| 2. General Knowledge | 2Hrs | 100 |

The maximum marks allotted to the written examination and to the interviews will be equal for each course i.e. the maximum marks allotted to the written examination and to the interviews will be 300, 300, 300 and 200 each for admission to the Indian Military Academy, Indian Naval Academy, Air Force Academy and Officers' Training Academy respectively

3. The papers in all the subjects will consist of objective type questions only. The question papers (Test Booklets) of General Knowledge and Elementary Mathematics will be set bilingually in Hindi as well as English.
4. In the question papers, wherever necessary, questions involving the metric system of Weights and Measures only will be set.
5. Candidates must write the papers in their own hand. In no circumstances will they be allowed the help of a scribe to write answers for them.
6. The Commission have discretion to fix qualifying marks in any or all the subjects of the examination
7. The candidates are not permitted to use calculator for answering objective type papers (Test Booklets). They should not therefore, bring the same inside the Examina-tion Hall.

B. STANDARD AND SYLLABUS OF THE EXAMINATION STANDARD

The standard of the papers in Elementary Mathematics will be of Matriculation level The standard of papers in other subjects will approximately be such as may be expected of a graduate of an Indian University

**INTELLIGENCE AND PERSONALITY TEST**

The SSB procedure of two stage Selection process- stage-I and stage-II OR those candidates who clear the stage-I are permitted to appear for stage-II. The details are :- (a) stage-I comprises of Offcer Intelligence Rating (OIR) tests are Picture Perception Description Test (PP & DT). The candidates will be short listed based on combination of performance in OIR Test and PP and DT. (b) Stage-II Comprises of Interview, Group Testing Officer Tasks, Psychology Tests and the Conference. These tests are conducted over 4 days. The details of these tests are given on the website www.joinindianarmy.nic.in.

The personality of candidates is assessed by three different assessors viz. the interviewing Officer (IO), Group Testing Officer (GTO) and the Psychologist. There are no seperate weightage for each test. The marks are allotted by assessors only after taking into consideration the performance of the candidate holistically in all the test in addition, marks for Conference are also allotted based on the initial performance of the Candidates in the three techniques and decision of the Board. All these have equal weightage.

The various test of IO, GTO and Psych are designed to bring out the presence/ absence of Officer Like Qualities and their trainability in a candidate. Accordingly candidates are Recommended or Not Recommended at the SSB.

## APPENDIX-II (A)

### INSTRUCTIONS TO THE CANDIATES FOR FILLING ONLINE APPLICATIONS

Candidates are required to apply Online by using the website **http://www.upsconline. nic.in**

Salient Features of the system of Online Application Form are given hereunder

- Detailed instructions for filling up Online applications are available on the above mentioned website
- Candidates will be required to complete the On-line Application Form containing two stages viz. Part-I and Part-II as per the instructions available in the above mentioned site through drop down menu
- The candidates are required to pay a fee of Rs. 200/ -(Rupees one hundred Only) [excepting Female/SC/ ST candidates who are exempted from payment of fee] either by remitting the money in any branch of SBI by cash, or by using net banking facility of SBI or by using any Visa/Master Credit/ Debit Card.
- Before start filling up Online Application, a candidate must have his/her photograph and signature duly scanned in the **jpg** format in such a manner that each file size should not exceed 40 KB each
- The Online applications (Part I and II) can be filled Dt. 9-11-2016 to 02-12-2016 till 11.59 p.m., after which link will be disabled.
- **Candidats are strongly advised to apply online well In time without waiting for the last date for submission of online application.**ý ●

- કોર્પોરેટ હાઉસ, એમએનલી, વેલ્યૂએશનનું કાર્ય કરતી સંસ્થા, એકાઉન્ટીંગ ફર્મ, ઓડિટર્સ, લો ફર્મ, એન્જિનિયરીંગ સર્વિસ પ્રોવાઈડર્સ વગેરેમાં આવો અભ્યાસક્રમ કરવાથી વિદ્યાર્થીઓને બેંક, ફાઈનાન્સ કંપનીઓ, ઈન્સ્યોરન્સ કંપનીઓ, નગરપાલિકા – મહાનગરપાલિકા વગેરેના પેનલ વેલ્યૂઅર્સ તરીકે પણ કાર્ય મળી શકે છે.

**રોજગાર - ૨૦**

**વિશ્વ વિખ્યાત કેએફસીની પ્રથમ રેસિપી વેચવા માટે કર્નલ હારલેન્ડ સ્ટેન્ડર્સે ૧૦૦૮ વાર પ્રયત્ન કરેલો, જેમાં તેઓને નિષ્ફળતા મળી હતી. છતાં તેમણે ૧૦૦૯મી વાર પ્રયત્ન કરેલો અને મોટી સફળતા મળેલી, તે સમયે તેમની ઉંમર હતી પૂરી ૬૫ વર્ષ!** ●

## CENTRAL SILK BOARD

**(Ministry of Textiles – Government of India)**

**BANGALORE – 560 068**

Advertisement No. CSB-4/2016

Online Applications are invited from eligible candidates for filling up of the following posts in the Central Silk Board :-

| Sl. No. | Name of the Post | Pay Band & Grade Pay Rs. | SC | ST | OBC | UR | Persons with Disabilities (PWD) | | | Ex-Servicemen | | | | Sportsmen | | | | Total Posts |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | OH | HH | VH | SC | ST | OBC | UR | SC | ST | OBC | UR | |
| 1 | Junior Engineer | 9300-34800 + 4200 | – | – | 1 | – | – | – | – | – | – | – | – | – | – | – | – | 1 |
| 2 | Junior Translator (Hindi) | 9300-34800 + 4200 | – | – | – | 1 | – | – | – | – | – | – | – | – | – | – | – | 1 |
| 3 | Assistant Superintendent (Admn.) | 9300-34800 + 4200 | – | – | – | 2 | – | – | – | – | – | – | – | – | – | – | – | 2 |
| 4 | Technical Assistant (R&S) | 9300-34800 + 4200 | – | – | – | 1 | – | – | – | – | – | – | – | – | – | – | – | 1 |
| 5 | Library & Information Assistant | 9300-34800 + 4200 | – | – | – | 1 | – | – | – | – | – | – | – | – | – | – | – | 1 |
| 6 | Stenographer Grade-II | 5200-20200 + 2400 | – | – | 1 | 2 | – | – | – | – | – | – | – | – | – | – | – | 3 |
| 7 | Upper Division Clerk | 5200-20200 + 2400 | 5 | 1 | 10 | 13 | – | 1 | – | – | 1 | 1 | 2 | – | – | – | 2 | 36 |
| 8 | Field Assistant | 5200-20200 + 2000 | 4 | 1 | 6 | 8 | 1 | – | – | – | – | – | 2 | – | – | – | 1 | 23 |
| 9 | Cook | 5200-20200 + 1900 | – | – | – | 1 | – | – | – | – | – | – | – | – | – | – | – | 1 |

**P.S.: The vacancies indicated above are tentative.**

Note: SC – Scheduled Caste  ST – Scheduled Tribe  OBC – Other Backward Classes  UR – Unreserved
OH – Orthopaedically Handicapped  HH – Hearing Impaired

The details like eligibility conditions, terms & conditions, general instructions, age relaxations, application format (for online filling) etc. have been posted on the Central Silk Board website **www.csb.gov.in**. The interested candidates may file the applications **online on or before 6th December, 2016** and send hard copy of application **(separately for each post)** alongwith all relevant enclosures so as to reach the Member-Secretary, Central Silk Board, CSB Complex, B.T.M. Layout, Hosur Road, Madivala, Bangalore - 560 068 on or before **9th December,2016**.

**Submission of application(s) online is compulsory and hard copies of application(s), if any, received by this office from the candidates without filing their application(s) online will be rejected without notice.** ●

## UNION PUBLIC SERVICE COMMISSION

### DHOLPUR HOUSE, SHAHJAHAN ROAD

### NEW DELHI-110069, INDICATIVE ADVERTISEMENT NO. 20/2016

Online Recruitment Applications (ORA) are invited for direct recruitment by selection through website http://www.upsconline.nic.in to the following posts by **1st December, 2016.**

1. **(Vacancy No. 16112001612)**

**One Deputy Director (Aircraft Engineering)** in Directorate General of Civil Aviation, Ministry of Civil Aviation (OBC-01).

2. **(Vacancy No. 16112002412)**

**One Joint Director General in National Museum,** Ministry of Culture, Govt. of India, Janpath, New Delhi (UR-01).

3. **(Vacancy No. 16112003512)**

**One Assistant Professor** (Survey and Engineering) in Indira Gandhi National Forest Academy, P.O. New Forest, Dehradun, Department of Forests & Wildlife, Ministry of Environment, Forest & Climate Change (UR-01).

4. **(Vacancy No. 16112004412)**

**Thirty-three Junior Time Scale** (JTS) Grade of Central Labour Service (Group 'A' Organized Service) consisting of the posts of Assistant Labour Commissioner (Central)/ Assistant Welfare Commissioner (Central)/ Assistant Labour Welfare Commissioner (Central)/ Assistant Director, Ministry of Labour & Employment (SC-05, ST-02, OBC-09 & UR-17). Of the thirty-three posts, one post is reserved for Physically Challenged Persons with disability viz. Orthopaedically Handicapped/Locomotor Disability/Cerebral Palsy with One Leg Affected (Right or Left) (OL) or One Arm Affected (Right or Left) (OA) or Muscular weakness and limited physical endurance (MW).

The candidates willing to apply for the above posts are advised to visit Commission's ORA Website **http://www.upsconline.nic.in.** The detailed advertisement along-with **'Instructions and Additional Information to Candidates for Recruitment by Selection' has been displayed on Commission's** Website **http://www.upsc.gov.in** as well as on the Online Recruitment Application (ORA) **website http://www.upsconline.nic.in** ●

# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જા.ક્ર.-૬૯/૨૦૧૬-૧૭ થી જા.ક્ર.-૧૦૦/૨૦૧૬-૧૭ માટે તારીખ-૧૫/૧૧/૨૦૧૬ (૧૩:૦૦ કલાક) થી તારીખ-૩૦/૧૧/૨૦૧૬ (૧૩:૦૦ કલાક) સુધી Online અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, પગાર ધોરણ, ઉંમરમાં છૂટછાટ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ તથા અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ ઉપર અથવા આયોગની વેબસાઈટ www.gpsc.gujarat.gov.in ઉપર જોવા વિનંતી છે.

જાહેરાતની બધીજ-સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે https://gpsc-ojas.gujarat.gov.in પર Online અરજી કરવાની રહેશે. ઉંમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ: બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ: બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્તતા માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત | પ્રાથમિક કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવીત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવીત માસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | | | ૫ | | | | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ ખાતે જુદા જુદા વિષયના મદદનીશ પ્રાધ્યાપક (કોલેજ શાખા), ગુજરાત શિક્ષણ સેવા, વર્ગ-૨ (જા.ક્ર.-૬૯ થી ૯૪/૨૦૧૬-૧૭) | | | | | | | | | | | | | | |
| ૬૯ | ગુજરાતી | ૨૬ | ૧૫ | ૦૭ | ૦૦ | ૦૪ | ૦૪ | ૦૨ | ૦૦ | ૦૧ | જા.ક્ર.-૬૯ થી ૯૪/૨૦૧૬-૧૭માં દર્શાવેલ કુલ જગ્યાઓ ૫૫૪ પૈકી ૧૬ જગ્યાઓ શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે અનામત | ૦૦ | ૦૫/૦૨/૨૦૧૭ | માર્ચ-૨૦૧૭ | સપ્ટે.-૨૦૧૭ |
| ૭૦ | હિન્દી | ૪૧ | ૨૭ | ૦૯ | ૦૧ | ૦૪ | ૦૮ | ૦૩ | ૦૦ | ૦૧ | | ૦૦ | ૦૫/૦૨/૨૦૧૭ | માર્ચ-૨૦૧૭ | સપ્ટે.-૨૦૧૭ |
| ૭૧ | અંગ્રેજી | ૯૨ | ૪૦ | ૩૧ | ૦૪ | ૧૭ | ૧૩ | ૧૦ | ૦૧ | ૦૬ | | ૦૦ | ૦૫/૦૨/૨૦૧૭ | માર્ચ-૨૦૧૭ | જુલાઈ-૨૦૧૭ |
| ૭૨ | ઉર્દૂ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૦૫/૦૨/૨૦૧૭ | માર્ચ-૨૦૧૭ | મે-૨૦૧૭ |
| ૭૩ | પર્શીયન | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૦૫/૦૨/૨૦૧૭ | માર્ચ-૨૦૧૭ | મે-૨૦૧૭ |
| ૭૪ | સંસ્કૃત | ૩૯ | ૧૮ | ૧૧ | ૦૨ | ૦૮ | ૦૫ | ૦૪ | ૦૦ | ૦૨ | | ૦૦ | ૧૨/૦૨/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | સપ્ટે.-૨૦૧૭ |
| ૭૫ | નાટ્યશાસ્ત્ર | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૦૫/૦૨/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | મે-૨૦૧૭ |
| ૭૬ | રાજ્યશાસ્ત્ર | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૧૨/૦૨/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | જુન-૨૦૧૭ |
| ૭૭ | તત્વજ્ઞાન | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૧૨/૦૨/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | જુન-૨૦૧૭ |
| ૭૮ | સમાજશાસ્ત્ર | ૩૧ | ૧૮ | ૦૮ | ૦૧ | ૦૪ | ૦૫ | ૦૨ | ૦૦ | ૦૧ | | ૦૦ | ૧૨/૦૨/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | સપ્ટે.-૨૦૧૭ |
| ૭૯ | મનોવિજ્ઞાન | ૧૪ | ૦૭ | ૦૩ | ૦૧ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૧ | | ૦૦ | ૧૨/૦૨/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | જુલાઈ-૨૦૧૭ |
| ૮૦ | ઇતિહાસ | ૧૮ | ૧૧ | ૦૪ | ૦૦ | ૦૩ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ | | ૦૦ | ૧૨/૦૨/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | જુલાઈ-૨૦૧૭ |
| ૮૧ | અર્થશાસ્ત્ર | ૫૧ | ૨૯ | ૧૨ | ૦૨ | ૦૮ | ૦૯ | ૦૪ | ૦૦ | ૦૨ | | ૦૦ | ૧૯/૦૨/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | સપ્ટે.-૨૦૧૭ |
| ૮૨ | એકાઉન્ટન્સી | ૨૧ | ૧૦ | ૦૫ | ૦૨ | ૦૪ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૧ | | ૦૦ | ૧૯/૦૨/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | સપ્ટે.-૨૦૧૭ |
| ૮૩ | ઇલેક્ટ્રોનિક્સ | ૦૭ | ૦૪ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૧૯/૦૨/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | જુન-૨૦૧૭ |
| ૮૪ | રસાયણશાસ્ત્ર | ૪૪ | ૨૧ | ૦૩ | ૦૬ | ૧૪ | ૦૬ | ૦૧ | ૦૨ | ૦૪ | | ૦૦ | ૧૯/૦૨/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | ઓગ.-૨૦૧૭ |
| ૮૫ | માઇક્રોબાયોલોજી | ૦૫ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૧૯/૦૨/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | જુન-૨૦૧૭ |
| ૮૬ | વનસ્પતિશાસ્ત્ર | ૨૫ | ૧૧ | ૦૪ | ૦૩ | ૦૭ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૨ | | ૦૦ | ૦૫/૦૩/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | ઓગ.-૨૦૧૭ |
| ૮૭ | આંકડાશાસ્ત્ર | ૧૮ | ૦૬ | ૦૬ | ૦૧ | ૦૫ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૧ | | ૦૦ | ૧૯/૦૨/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | ઓગ.-૨૦૧૭ |
| ૮૮ | ભૌતિકશાસ્ત્ર | ૫૧ | ૨૦ | ૧૫ | ૦૨ | ૧૪ | ૦૬ | ૦૫ | ૦૦ | ૦૪ | | ૦૦ | ૦૫/૦૩/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | સપ્ટે.-૨૦૧૭ |
| ૮૯ | કોમ્પ્યુટર સાયન્સ | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૧૨/૦૨/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | મે-૨૦૧૭ |
| ૯૦ | ભૂસ્તરશાસ્ત્ર | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૦૫/૦૩/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | મે-૨૦૧૭ |
| ૯૧ | પ્રાણીશાસ્ત્ર | ૨૪ | ૦૯ | ૦૬ | ૦૨ | ૦૭ | ૦૨ | ૦૨ | ૦૧ | ૦૨ | | ૦૦ | ૦૫/૦૩/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | ઓગ.-૨૦૧૭ |
| ૯૨ | ગણિતશાસ્ત્ર | ૧૬ | ૦૩ | ૦૭ | ૦૧ | ૦૫ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ | | ૦૦ | ૦૫/૦૩/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | ઓગ.-૨૦૧૭ |
| ૯૩ | વાણિજ્ય | ૧૦ | ૦૫ | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૦૫/૦૩/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | જુલાઈ-૨૦૧૭ |
| ૯૪ | ભૂગોળ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | | ૦૦ | ૦૫/૦૩/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | મે-૨૦૧૭ |
| ૯૫ | સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, વર્ગ-૨ સામાન્ય રાજય સેવા | ૧૦ | ૦૭ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૫/૦૩/૨૦૧૭ | મે-૨૦૧૭ | જુલાઈ-૨૦૧૭ |
| ૯૬ | સંયુકત નિયામક, કૃષિ, વર્ગ-૧ ગુજરાત ખેતી સેવા | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૫/૦૩/૨૦૧૭ | મે-૨૦૧૭ | જુન-૨૦૧૭ |
| ૯૭ | ડર્મેટોલોજીસ્ટ, વર્ગ-૧ ગુજરાત આરોગ્ય અને તબીબી સેવા (તજજ્ઞ સેવા) | ૧૨ | ૦૬ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૫/૦૨/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | મે-૨૦૧૭ |
| ૯૮ | નેત્ર સર્જન, વર્ગ-૧ ગુજરાત આરોગ્ય અને તબીબી સેવા (તજજ્ઞ સેવા) | ૨૨ | ૧૩ | ૦૭ | ૦૧ | ૦૧ | ૦૪ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૫/૦૨/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | મે-૨૦૧૭ |
| ૯૯ | નગરપાલિકા આરોગ્ય અધિકારી, વર્ગ-૨ ગુજરાત રાજય નગરપાલિકા આરોગ્ય સેવા | ૭૨ | ૩૮ | ૧૯ | ૧૧ | ૦૪ | ૧૨ | ૦૬ | ૦૪ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૫/૦૨/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | જુલાઈ-૨૦૧૭ |
| ૧૦૦ | મદદનીશ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી, વર્ગ-૨ | ૧૪ | ૦૯ | ૦૩ | ૦૦ | ૦૨ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૫/૦૨/૨૦૧૭ | માર્ચ-૨૦૧૭ | મે-૨૦૧૭ |

**નોંધ :-** (૧) આખરી પરિણામ રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના અંદાજીત ૧૦ કામકાજના દિવસો દરમ્યાન પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને જાહેરાતમાં ભરતી નિયમમાં દર્શાવેલ જોગવાઇઓ સંતોષતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાતમાં બોલાવવામાં આવશે. ઉમેદવારોની આખરી પસંદગી પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી જે ગુણ મેળવેલ હશે તેનું ૫૦ ગુણભાર અને રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના ૫૦ ગુણભારના પ્રમાણસહ ગણતરી કરીને કુલ ગુણના આધારે કરવામાં આવશે. એટલે કે, પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતના અનુક્રમે ગુણ ૩૦૦ અને ૧૦૦માંથી મેળવેલ ગુણનું ૫૦-૫૦ ટકા વેઇટેજ આપવામાં આવશે. આખરી પસંદગીમાં આયોગ જે લઘુત્તમ ધોરણ નક્કી કરશે તે લાગુ પડશે અને તેના મેરીટલીસ્ટના આધારે પસંદગી યાદી આખરી કરવામાં આવશે. પ્રાથમિક કસોટીમાં ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો સામાન્ય અભ્યાસના તથા ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો સંબંધિત વિષયના રહેશે.

(૩) આખરી પરિણામ પ્રસિધ્ધ કરતી વખતે ઉમેદવારોની પ્રાથમિક કસોટીની OMR Answer Sheet આયોગની વેબસાઈટ પર મુકવામાં આવશે.

મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા મુદ્રિત.